નીતિ અને વ્યવહાર
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીતિ અને વ્યવહાર

સંપાદક
મુકુલભાઈ કલાર્થી

૮૨ ગ
૨

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय

पुस्तक संख्या २३ ग

पंजिका संख्या २२३६५

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक समय तक पुस्तक अपने पास नहीं रख सकते।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૩ ગ
૨
૨૨૩૬૬

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ પુ૦ ૧૦૨

નીતિ અને વ્યવહાર

સ્થાક પ્રમાણીકરણ ૧૯૮૪-૧૯૮૫

સંપાદક
મુકુલભાઈ કલાર્થી



પ્રકાશક તરફથી બેચ



ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ – ૧૪

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

પહેલી આવૃત્તિ, પ્રત ૫,૦૦૦

સર્વ હક ગૂજરાત વિદ્યાપીઠને સ્વાધીન છે.

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ–૧૪

૪૦ નવા પૈસા એપ્રિલ, ૧૯૫૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

જુદા જુદા ધર્મોમાં તાત્ત્વિક સિદ્ધાંતો અંગે ગમે તેટલો ફેર હોય, તેમ છતાં નીતિ અને વ્યવહારના અમુક મૂળભૂત નિયમોની બાબતમાં સર્વત્ર એકમત જ જોવામાં આવે છે. એ નિયમોનું શિક્ષણ બિન-સાંપ્રદાયિક રાજ્યમાં પણ સૌને હોવું ઘટે છે. એ શિક્ષણ કેવી રીતે આપવું એ માટે જુદી જુદી રીતો વિચારાય છે; તેમ છતાં વ્યવહારમાં નીતિ આચરનારા લોકોના જીવનનો સંગ – સત્સંગ – જેવી બીજી એકે રીત જેવી કે અસરકારક નીવડતી નથી.

એ દૃષ્ટિથી જુદા જુદા દેશોના તેમ જ ધર્મ-સંપ્રદાયોના લોકોના જીવન-વ્યવહારની તેમ જ બીજી પણ કેટલીક બોધક કથાઓ આ પુસ્તિકામાં શ્રી. મુકુલભાઈએ ભેગી કરી છે. તેમાંની કેટલીક તેમણે લખેલી અને બીજી કેટલીક વિદ્યાપીઠના બીજા સેવકોએ લખેલી છે. તેમનું સંપાદન ઉપર કહેલા બિંદુથી તેમણે કર્યું છે. નાનાં મોટાં સૌને વાંચવી ગમે તેવી તે કથાઓ છે. અને તે ઉપરથી નીતિ-વ્યવહારની સમજ સૌ કોઈને સહેજે અવગત થઈ શકે તેમ છે. શ્રી. મુકુલભાઈએ આ અગાઉ સંતો, મહાપુરુષો વગેરેના જીવનપ્રસંગોની બોધક કથાઓની કેટલીક સારી ચોપડીઓ તૈયાર કરેલી છે. તેમાં આ ચોપડી સારો ઉમેરો કરે છે. સમાજ-શિક્ષણના કામમાં, તેમ જ બાળક વિદ્યાર્થી સૌ કોઈને તે ઉપયોગી થઈ શકે તેવી છે. આશા છે કે, નાનાં મોટાં સૌ કોઈને તે આનંદ સાથે બોધ પૂરો પાડવામાં મદદરૂપ નીવડશે.

૭–૪–'૫૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રકાશકનું નિવેદન ૩

નીતિ અને વ્યવહાર

૧. નવો મુખી ૫
૨. શ્રમનો ચમત્કાર ૮
૩. વાડીમાંનો ચરુ ૧૦
૪. પુણ્યકર્મનું ફળ ૧૬
૫. હાતિમતાઈ ૧૭
૬. બહાદુર છોકરો ૨૪
૭. બે ભાઈઓ ૨૮
૮. મિત્રતા ૩૧
૯. ચંપલની જોડ ૩૨
૧૦. સાચી પરોપકારવૃત્તિ ૩૯
૧૧. સત્યવાદી ખૂની ૪૦
૧૨. કદરદાની ૪૫
૧૩. વડો સેનાપતિ ૪૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીતિ અને વ્યવહાર

૧

નવો મુખી

રામદાસ મધુપુર ગામના મુખી હતા. તે બહુ ભલા અને સેવાભાવી માણસ હતા. હંમેશાં તે ગામનું ભલું ચાહતા. વરસોથી તે ગામની સેવા કરતા હતા. તે ઘરડા થયા, એટલે તેમણે ગામલોકને જણાવ્યું :—

"હવે તમે બીજા કોઈ માણસને મુખી બનાવો તો સારું. હું હવે ઘરડો થયો."

ગામના લોકોએ કહ્યું : "મુખીજી, તમે જ નવો માણસ પસંદ કરી આપો તો સારું."

રામદાસે કહ્યું, "ભલે; મને લાયક લાગે તેવો માણસ જોઈ કાઢીને હું તમને જણાવીશ."

રામદાસે એક દિવસ ગામના ચાર જુવાન માણસોને પસંદ કરીને બોલાવ્યા. તેમની સાથે વાતચીત કરી. પછી તેમને કહ્યું, "આજે સાંજના તમે તળાવની પાળ જોવા જજો. એક જગાએથી પાણી નીકળે છે, અને તેથી રસ્તામાં બધે કાદવ થયો છે, એમ મેં સાંભળ્યું છે. તમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે જોઈ આવો. શું કરવું તેનો આપણે વિચાર કરવાનો છે.''

પેલા ચારે જણ સાંજના તળાવની પાળ જોવા નીકળ્યા. સામી બાજુએ પહોંચ્યા. ત્યાં તેમણે જોયું કે, ખૂબ કાદવ થયેા હતેા અને એક ગાડું તેમાં ખૂંપી ગયું હતું. ગાડાવાળેા તે બહાર કાઢવા ઘણી મહેનત કરતેા હતેા, પરંતુ ગાડું જરાયે ચસતું નહેાતું. તેવામાં ગાડા-વાળાએ પેલા ચાર જણાને તે તરફ આવતા જોયા. તેણે તેમને કાદવમાંથી ગાડું કાઢવા લાગવા વિનંતી કરી.

ગાડું કાદવમાં વચ્ચે ખૂંપી ગયું હતું. ત્યાં સુધી પહોંચવામાં કાદવ ખૂંદીને જવું પડે એવું હતું; અને તેથી કપડાં પણ બગડે તેવું હતું. એટલે તે ચારમાંથી ત્રણ જણાએ તેા ના પાડી. તેમણે કહ્યું, ''આવા કાદવમાં કપડાં બગાડવા કેાણ પડે? કેાઈ બેહૂત-બેહૂત આ તરફ જતેા મળે તેા તેને બેાલાવજો.''

આટલું કહી એ ત્રણ જણા આગળ ચાલતા થયા.

ચેાથેા જુવાન ઊભેા રહ્યેા. તેનું નામ મનેાહર હતું. તેણે વિચાર કર્યો, 'સાંજ પડી ગઈ છે, બીજું કેાઈ માણસ તેા એને મળે ત્યારે મળે. હું મળ્યેા તે ના પાડું, તેા બીજો હા પાડશે એ કેાણે જાણ્યું?' એમ વિચારીને તેણે તરત કચ્છ માર્યો અને બાંયેા ચડાવી. પછી તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
કાદવમાં પેઠા અને બેહૂતની મદદમાં પહોંચી ગયા. થોડી વારમાં ગાડું કાદવમાંથી બહાર નીકળી ગયું.

કાદવમાંથી મનોહર બહાર આવ્યો. ગાડાવાળાએ તેનો આભાર માન્યો ને કહ્યું : "ભાઈ, તમે હાથ દીધો તો હું હવે ઘર ભેગો થઈશ ને આ બળદો પણ બાપડા નિરાંતે ખાશે-પીશે."



મનોહરે કહ્યું : "ભાઈ, એમાં મેં મારો ધર્મ બજાવ્યો છે. એમાં આભાર શો વળી?"

આ કહેતી વખતે મનોહરની નજર પેલા ગાડા-વાળાના મોં ઉપર પડી. જુએ તો એ તો મુખી રામદાસ પોતે જ હતા!

મુખી હસતા હસતા બોલ્યા : "શાબાશ, મનોહર, શાબાશ! ગામમાં લોકોને મદદ કરવા જે હંમેશ તૈયાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહે, તે જ ગામનો મુખી થવાને લાયક ગણાય. વગર મહેનતે કરી શકાય તેવી મદદ તો ઘણા કરે. જાતે પીઠા વહોરીને પણ મદદ કરે તે ખરો. તમે તેવી મદદ કરી બતાવી છે. એટલે ચારમાંથી તમે જ નવા મુખી બનવા લાયક છો, એમ હું ગામલોકોને કહીશ.''

બીજે દિવસે બધા ગામલોકોએ આ વાત જાણી. એમ મધુપુર માટે નવો મુખી નક્કી થઈ ગયો. આખા ગામે તેને એકે અવાજે વધાવી લીધો.

૨

શ્રમનો ચમત્કાર

યુરોપમાં આવેલા ઇટાલી દેશના એક ગામમાં ક્રેસિન નામનો એક ખેડૂત રહેતો હતો. તેની સ્થિતિ દિવસે દિવસે સુધરતી જોઈને અને તેની પાસે સંપત્તિ વધતી જોઈને કેટલાક માણસોને થયું કે, જરૂર આ ક્રેસિન જાદુ જાણતો હોવો જોઈએ; નહીં તો આમ કશા ચમત્કાર વિના તેની પાસે આટલી બધી માલમતા શી રીતે ભેગી થાય?

એટલે કેટલાક ઈર્ષાખોર લોકોએ તેની સામે કચેરીમાં એવો દાવો માંડ્યો કે, 'ક્રેસિન કશો ચમત્કાર કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૈસો ભેગો કરે છે. તેથી અમને અમારી સલામતી અંગે ભય લાગે છે. માટે ન્યાયાધીશે એ બાબતની ઘટતી તપાસ કરવી જોઈએ.'

ન્યાયાધીશે ક્રેસિનને કચેરીમાં હાજર થવાનો હુકમ કર્યો અને તેની સંપત્તિ શી રીતે ભેગી થાય છે તેનો ખુલાસો કરવાનું કહ્યું. જો તે જાદુ જેવું કશું જાણતો હોય તો તે અંગે પણ એકરાર કરવાનું ફરમાન કર્યું.

ક્રેસિન પોતાની સશક્ત પુત્રી, ખેતીનાં ઓજારો અને ઘોડાની જોડ લઈને કચેરીમાં હાજર થયો.

ન્યાયાધીશે તેને ખુલાસો કરવા કહ્યું, ત્યારે ક્રેસિન બોલ્યો : "સાહેબ, હું જાતે મહેનત કરીને ખેતરને ખેડું છું અને ખાતર વગેરે નાખી જમીનને ખેતી માટે લાયક બનાવું છું. મારી આ પુત્રી બી રોપે છે અને મારી સાથે મહેનત કરે છે. મારાં ઓજારો પણ મારા કામમાં ઉપયોગી થાય એવાં છે. વળી મારી આ ઘોડાની જોડ પણ કોઈ નેય અદેખાઈ ઉપજાવે એવી છે. હું મારા ઘોડાને બરોબર ખવડાવું-પિવડાવું છું અને તેમની જાતે સંભાળ રાખું છું. તેથી એ ઘોડા પણ મને ખેતીના કામમાં ખૂબ મદદરૂપ થઈ પડે છે. આમ હું સખત ઉદ્યમ કરીને ધન મેળવું છું. આ જ મારો ચમત્કાર કહો તો ચમત્કાર છે. મારા વિરોધીઓને એ જાદુનો ઉપયોગ કરવો હોય તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે અને તેનો લાભ ઉઠાવે. તેઓ આમ કરશે તો તેમને સાચી વસ્તુ શી છે એ સમજાશે.''

ક્રેસિનની આ વાત સાંભળી ન્યાયાધીશ રાજી થઈ ને બોલ્યા : 'આજ સુધીમાં મારી પાસે ઘણા અપરાધીઓ આવી ગયા. પરંતુ પોતાના અપરાધ સામે તમારી માફક કોઈ એ આવો પ્રબળ પુરાવો હિંમતપૂર્વક રજૂ કર્યો નથી. હું તમને નિર્દોષ જાહેર કરું છું અને અનુકરણ કરવા લાયક તમારી આવી ઉદ્યમપરાયણતાની કદર કરું છું.''

૩

વાડીમાંનો ચરુ

નાથુ કરીને એક બેડૂત હતો. તેને વારસામાં ફળઝાડની વાડી મળી હતી. પણ તેમાંથી ઝાઝી આવક થતી ન હોવાથી નાથુને સંતોષ થતો નહિ. તે હંમેશ દુઃખી રહેતો.

એક દિવસ તેણે સાંભળ્યું કે, તેના પડોશી છગનને રૂપિયાનો દાટેલો ચરુ જડ્યો. પછી તો નાથુ પણ પાસેનાં જૂનાં ખંડેરોના ખૂણા અને એવી બીજી અવાવરુ જગા-ઓમાં કોદાળી લઈ ને ભમવા લાગ્યો. સવારથી સાંજ સુધી બીજું કાંઈ કામ જ ન કરે! લોકો તેનું આ ગાંડપણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈ, તેનું ટીખળ કરવા લાગ્યા. એક દિવસ તેની સ્ત્રીએ પણ કહ્યું : "તમે કયાં સુધી આમ કર્યા કરશો ? એમ તે કદી ચરુ મળતા હશે ? મળવાનો હોય તો એ તો એની મેળે મળે."

એક દહાડો સવારે નાથુ અને એની સ્ત્રી નાસ્તો કરતાં હતાં. આજ નાથુના મોં પર આનંદ જણાતો હતો. નાથુ એની સ્ત્રીને કહે : "હવે જગા મળી ગઈ. નક્કી ચરુ મળ્યો જાણ."

સ્ત્રી — "ખરેખર ! કયાંથી ? કયાંથી ?"

નાથુ —"વાત એમ છે કે, કાલે રાતે મને સ્વપ્નું આવ્યું કે, આપણી વાડીના એક ઝાડના મૂળમાં તે દટાયેલો પડયો છે. નાસ્તો કરીને ખોદી લાવું એટલી જ વાર."

ઝટ ઝટ નાસ્તો કરી લઈ નાથુ અને એની સ્ત્રી હાથમાં પાવડો ને કોદાળી લઈને વાડીમાં પહોંચ્યાં. સ્ત્રી પૂછે : "કયા ઝાડના મૂળમાં ?"

નાથુ માથું ખંજવાળતો આભો બનીને ઊભો રહ્યો. ઝાડ સામે તાકી રહીને તે ગણગણ્યો : "કોણ જાણે !"

સ્ત્રી અધીરી થઈને તાડૂકી : "પણ સ્વપ્નામાં કયું ઝાડ હતું ? ધ્યાન દઈને જોવાનું ભાન હતું કે નહિ ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાથુ —"બરોબર જોયું હતું. સ્વપ્નામાં તો સ્પષ્ટ ઝાડ દેખાતું હતું. પણ એવાં તો આપણી વાડીમાં બધાં દેખાય છે!"

નાથુ ને તેની સ્ત્રી થોડી વાર તો વિચારમાં પડી ગયાં : જાણે કે હાથ આવેલો ચરુ ગયો! પછી નાથુ કહે, "પણ વાંધો નહિ. હું એમ ઓછો હારું એવો છું? ઝાડે ઝાડે ખોદી વળું; પછી એ ચરુ ક્યાં ઢંકાઈ રહેવાનો હતો! હિંમતે મર્દા તો મદદે ખુદા."

વાડીનાં એંસી-સો ઝાડ ક્યારે ખોદાય અને ક્યારે એ હાથવેંત આવેલો ચરુ જડે! આ વિચારથી સ્ત્રી નાસીપાસ થઈ. પણ નાથુએ તો કોદાળી લઈ ખોદવા માંડ્યું. સ્ત્રી નિસાસાભેર એટલું જ બોલી: "અરે, પણ જોજો મૂળ ન કાપો; નહિ તો ઝાડેય જશે."

નાથુ —"ઊંહ! મોટાં ઝાડ ન જોયાં હોય તો! મારા બાપાના જમાનામાં તો ઝાડ દીઠ કોથળો ફળ ઊતરતાં. આજ તો બધાં થઈનેય એટલાં નથી ઊતરતાં! એવાં ઝાડ તો ગયાં તોય શું ને રહ્યાં તોય શું? એ તો હવે ઈંધણાં જોગ જ રહ્યાં છે."

સ્ત્રી —"સસરાજી તો બધાં ઝાડનું કેટલું જતન કરતા; ત્યારે તમે તો ચરુ શોધવા આમ તેમ ભટકો જ કરો છો!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાથુ —"ના રે ના! આપણી પેઠે આ ઝાડ પણ હવે ઘરડાં થયાં છે."

અને એમ કહીને એ તો કામે લાગ્યો. પહેલે દહાડે તો રાત સુધીમાં ચરુ ન દેખાયો. થાકીને લોથ થઈ રાતે તે ઘેર ગયો. સવારે ખાઈપીને પાછો ખોદવા મંડ્યો. રસ્તે આવતા જતા લોક જોવા લાગ્યા કે, નાથુએ આ શું માંડ્યું છે! કોઈ કોઈ તો ઊભા રહીને પૂછે, "અલ્યા નાથુ, હવે વળી વાડીમાં શી ખોદાખોદ માંડી છે?"

પણ નાથુ તો એક જ ધ્યાન રાખી ખોદ્યા જ કરે, ને ન કાંઈ બોલે કે ચાલે.

કેટલાંક અઠવાડિયાં બાદ બધું ખોદકામ પૂરું થયું : વાડીના દરેક ઝાડનાં મૂળિયાં નાથુએ જોઈ કાઢ્યાં. આખી વાડી ખાડા ખાડા અને માટીના ટેકરા ટેકરા થઈ ગઈ. પણ પેલા ચરુનો પત્તો ન લાગ્યો! એટલે પાછો એ તો પહેલાંની પેઠે નસીબને ગાળ દેતો દુઃખી થઈ ખિન્ન ચહેરે ફરવા લાગ્યો. રસ્તે મળતા લોકો તેને હસવા લાગ્યા. તેમણે એની વાડીનું નામ પાડ્યું, 'મૂર્ખાની વાડી'.

નાથુને થયું, "આ તો 'લેને ગઈ પૂત ઔર ખો આઈ ખસમ' જેવા મારા ઘાટ થયા : ચરુ તો ન મળ્યો તો ન મળ્યો, પણ હવે તો ગામલોકોને પણ હસવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયું!" એટલે એક દહાડો નાથુ એની સ્ત્રીને કહે, "સાંભળ્યું કે? આપણે તો આ ગામ છોડીને બીજે કયાંક જતાં રહીએ. આ લોકથી તો હું કાયર થઈ ગયો!"

આ સાંભળી સ્ત્રી ગળગળી થઈ ગઈ: "એ તે કેવી રીતે બને! જ ઘરમાં ને જ ગામમાં આપણો આખો જનમારો ગયો, તે છોડી બીજે કેમ જવાય? ત્યાં રહેવાનું ગમે પણ કેમ? સુખેદુઃખે દહાડા ખેંચી કાઢીશું. લોક કયાં સુધી આમ બોલ્યા કરશે? એમનેય બીજો ધંધો હશે કે નહિ? પણ તમારે એ ખાડા તો પૂરી દેવા જોઈએ, એટલે લોકોને બોલવાનું કારણ તો ન રહે!"

નાથુ—"એ કરવા તો મારા હાથ કે પગમાં હવે જરાકે જોર નથી. બોદતી વેળા તો મનમાં એમ હતું કે, આ ઘડીએ ચરુ આવ્યો, આ ટચકો પડ્યો ને ચરુ જડ્યો! પણ પૂરવાનું તો મારાથી કેમે કર્યું નહિ બને."

આમ આખી ઉનાળાની મોસમમાં મહિનાઓ સુધી, બોદાઈને તળે ઉપર થયેલી એ જમીને વા અને તાપ ખાધાં. અને ત્યાં સુધી લોકો એ 'મૂર્ખાની વાડી'ને ન ભૂલ્યા. પછી નાથુને થયું, 'કાંઈ નહિ તો ખાડા તો પૂરું જ, જેથી મૂર્ખાનો ઉખાણો તો ટળે.' થોડા દહાડામાં એણે આખી વાડી સરખી કરી દીધી.

બીજી વસંત ઋતુ આવી. એક દહાડો નાથુ સ્ત્રીને કહે: "અરે, આ વર્ષે આપણી વાડીમાં તે કાંઈ મોર બેઠો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
છે! આવો મોર તો મેં મારા જનમારામાં પણ નથી જોયો."



મોર ખરીને મરવા આવ્યા. કાળે કરીને ફળ થયાં. દર ઝાડે એને ઠલોઠલ કોથળો ભરીને ફળ ઊતર્યાં. અને પછી પણ ઓછુંવત્તું એમ જ વરસોવરસ ચાલ્યું. વરસોથી ખાઝી ગયેલી જમીન તળે ઉપર થઈ ને તાપ ખાધાથી નવી થઈ હતી. નાથુનો ચરુ ભરાવામાં એ જ બાકી હતું. તે થતાં, ખરેખર, નાથુને ઝાડના મૂળમાંથી ચરુ જડી ગયો! હવે નાથુ ખિન્ન નથી રહેતો; હવે એની વાડી એક ઉદ્યમી ખેડૂતની વાડી તરીકે પંકાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

પુણ્યકર્મનું ફળ

જૂના જમાનાની આ વાત છે. બુદ્ધના સમયમાં વિશાખા નામની એક સમજુ અને ભણેલીગણેલી સ્ત્રી થઈ ગઈ. તેની સારી સારી ઘણી વાતો જાણીતી છે.

એક વાર વિશાખાએ પોતાના સસરાજીને જમાડતાં પૂછ્યું : "બાપુ, તમે રોજ રોજ આવું ટાઢું શી રીતે ખાઈ શકતા હશો ? તમને એ બાબતનો અજંપો થતો નથી ?"

વિશાખા જેવી શાણી વહુનો આવો વિચિત્ર સવાલ સાંભળી સસરાજી નવાઈ પામ્યા. તેમણે હસતાં હસતાં કહ્યું : "વહુ બેટા, આને ટાઢું કોણ કહે ? તમે ઊની ઊની રોટલી ઉતારીને મને આપો છો, એને ટાઢું કહેવાય ખરું ?"

વિશાખા બોલી : "બાપુ, પૂર્વ જન્મનાં પુણ્યથી આ જન્મે તમે સુખી છો. પણ આ ભવે તમે કાંઈ પુણ્યદાન કરતા નથી. એટલે હું કહું છું કે, તમે પુરાણું પુણ્ય જ ભોગવો છો !"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
૨૨૨૬૬.

૫

હાતિમતાઈ

પ્રવેશ પહેલો

[અરબસ્તાનનો બાદશાહ છાવણીમાં સમાચારની રાહ જોતો બેઠો છે. સેનાપતિ દોડતો આવે છે]

સેનાપતિ — [હસતે મોઢે સલામ ભરીને] બાદશાહ સલામતની ફતેહ! દુશ્મન હાતિમતાઈ હારી ગયો છે. તેનું લશ્કર નાસભાગ કરવા લાગ્યું છે. તેનું આખું રાજ્ય હવે આપને તાબે છે.

બાદશાહ — એ તો ઠીક. પણ હાતિમ પોતે ક્યાં છે?

સેનાપતિ — [જરા ખમચાઈને] હુજૂર, આપણા લશ્કરે દુશ્મનોને ચારે બાજુથી ઘેરી લીધા હતા. પરંતુ હાતિમનો કયાંય પત્તો નથી!

બાદશાહ — [ગુસ્સે થઈને] શું કહ્યું? પત્તો નથી? તમે બધા શું કરતા હતા? જ્યાં સુધી તે છૂટો અને જીવતો હોય, ત્યાં સુધી એ આપણને જંપવા દેશે ખરો? ગમે તેમ કરો. ચારે બાજુ માણસો દોડાવો. તે જીવતો યા મરેલો મારા હાથમાં આવવો જ જોઈએ, સમજ્યા કે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેનાપતિ — [સલામ ભરીને] જેવો હુજૂરનો હુકમ. હું હમણાં જ ચારે બાજુ માણસો દોડાવું છું. જ્યાં સુધી હાતિમ હાથમાં નહિ આવે, ત્યાં સુધી હું પાછો આવીશ નહિ.

બાદશાહ — ઠીક છે. રાજધાનીમાં પણ ઢંઢેરો પિટાવો કે, હાતિમતાઈને જીવતો કે મરેલો પકડનારને એક લાખ મહોરનું ઇનામ મળશે.

[સેનાપતિ સલામ ભરીને ઉતાવળો ઉતાવળો દોડી જાય છે.]

પ્રવેશ બીજો

[જંગલનો એક ભાગ. એક કઠિયારો તેની સ્ત્રી સાથે લાકડાં કાપવા આવ્યો છે.]

કઠિયારો — બપોર થયા. હવે તો થાકચા. થોડો આરામ કરીએ ને ભાથુંબાથું ખાઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[સ્ત્રી ભાથું છોડે છે. બંને ખાવા બેસે છે.]

કઠિયારો — [ખાતાં ખાતાં] હવે આપણે ઘરડાં થયાં છીએ. આપણાથી રોજ આવું કામ શી રીતે થશે? આપણને એક દીકરો હોત તો કેવું સારું! ઘડપણમાં તે આપણને કમાઈને ખવરાવત તો ખરો!

સ્ત્રી — [નિસાસો નાખીને] આમ આખો દિવસ લાકડાં કાપ્યા કરીએ છીએ, ત્યારે માંડ પેટ પૂરતું મળે છે. કશું બચાવવાની તો વાત જ શી? કોક દિવસ હાથપગ ન ચાલે, ત્યારે ભૂખે મરવાના જ દહાડા આવવાના.

કઠિયારો — મને પણ એમ જ લાગે છે. પણ હવે કંઈ બીજો રસ્તો છે?

સ્ત્રી — [યાદ કરીને] અરે હાં, યાદ આવ્યું! નવા રાજાએ ઢંઢેરો પિટાવ્યો છે તે ભૂલી ગયા? જૂનો રાજા હાતિમતાઈ આ જંગલમાં જ કયાંક છુપાઈ ગયો છે. તેને જીવતો કે મરેલો પકડી લાવનારને રાજા એક લાખ મહોર ઇનામ આપવાનો છે. આપણા હાથમાં હાતિમતાઈ આવી જાય તો કેવું સારું થાય!

કઠિયારો — અરે, ભૂંડી! હાતિમતાઈ તો બહુ ભલો રાજા હતો. તેને પકડાવીને તે ઇનામ લેવાતું હશે? ભલે આપણે ભૂખે મરી જઈએ.

[પાસેની ઝાડીમાંથી હાતિમતાઈ બંને જણની સામે આવીને ઊભો રહે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કઠિયારો — [ચોંકીને] ભાઈ, તું કોણ છે? તારે શું કામ છે?

હાતિમતાઈ — હું હાતિમતાઈ છું. મેં તમારી બંનેની વાત સાંભળી છે. તું મને નવા રાજા પાસે લઈ જા. તે તને ઇનામ આપશે. તેનાથી તું સુખે જીવી શકશે.

કઠિયારો — [ઝટપટ ઊભો થઈ સલામ કરીને] ગરીબનવાજ! આપ આ શું બોલ્યા? એવું તે કંઈ થાય? અમારું જે થવાનું હશે તે થશે. દાંત આપ્યા છે તો ખુદા ચાવણું પણ આપશે. આપ અહીંથી જલદી દૂર ચાલ્યા જાઓ. ઇનામની લાલચે ઘણા માણસો આપને શોધવા ફરે છે. કોઈ આપને જોઈ જશે તો આપ આફતમાં આવી પડશો.

[એક માણસ બાજુની ઝાડીમાંથી દોડતો આવીને હાતિમતાઈને પકડે છે અને બાંધે છે.]

માણસ — [ખુશ થતો] ખુદાની ભારે રહેમ છે! હું કયારનો આ જંગલમાં તને શોધવા રખડ્યા કરતો હતો. બસ, હવે બંદાનો બેડો પાર! બોલ, તારે સીધી રીતે રાજા પાસે આવવું છે, કે પછી તને પૂરો કરીને લઈ જાઉં?

હાતિમતાઈ — હું આવવા તૈયાર છું. [કઠિયારાને] ભાઈ, તું પણ મારી સાથે ચાલ.

[બધાં જાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ ત્રીજો

[બાદશાહનો દરબાર]

બાદશાહ — હજુ હાતિમતાઈના કાંઈ સમાચાર નથી. તમે બધા હરામખોર છો. હું હજુ એક બે દિવસ રાહ જોઈશ. ત્યાં સુધીમાં હાતિમતાઈ જીવતો કે મરેલો નહિ પકડાય, તો યાદ રાખજો!

પહેરેગીર — [દોડતો દાખલ થઈને] નામવર, બહાર એક માણસ હાતિમતાઈને જીવતો બાંધીને લઈ આવ્યો છે. આપનો હુકમ હોય તો તેને હાજર કરું.

બાદશાહ — [રાજી થઈને] એકદમ લઈ આવ. શાબાશ, છેવટે હાતિમ પકડાયો!

[બધા દાખલ થાય છે.]

માણસ — [ત્રણ સલામ કરીને] હજૂર, નામવર! આપની ફતેહ થાઓ. આપનો દુશ્મન પકડાયો છે. આ રહ્યો હાતિમતાઈ. ઘોર જંગલમાંથી હું તેને જીવતો પકડી લાવ્યો છું.

બાદશાહ — શાબાશ, શાબાશ! તને પૂરેપૂરું ઇનામ આપવામાં આવશે. [ખજનચી તરફ જોઈને] ખજનચી, હમણાં ને હમણાં એક લાખ મહોર આ માણસને ગણી આપો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાતિમતાઈ — [આગળ આવીને] બાદશાહ, ઇનામ ભલે આપો. પણ તે આ માણસને નહિ; આ કઠિયારાને આપો.

બાદશાહ — કેમ વળી ? આ માણસ તને પકડી લાવ્યો છે, એટલે તેને જ ઇનામ મળશે. આ કઠિયારો કોણ છે ?

હાતિમતાઈ — આ કઠિયારાએ જ મને પકડચો છે. એને જ ઇનામ આપો.

કઠિયારો — [અકળાઈ ને] હજૂર, મારે ઇનામ નથી જોઈતું. મેં હાતિમતાઈ ને પકડચા નથી.

બાદશાહ — આ બધું શું છે ? તેં જો આને પકડચો નથી, તો પછી તે તને ઇનામ આપવાનું શા માટે કહે છે ?

કઠિયારો — હજૂર, હું ને મારી ઘણિયાણી જંગલમાં લાકડાં કાપવા ગયાં હતાં. બપોરે ભાથું ખાતાં હતાં, ત્યારે હાતિમતાઈ પોતે જ મારી પાસે આવ્યા અને કહેવા લાગ્યા : ' તું મને રાજા પાસે લઈ જા. મને પકડનારને તે મોટું ઇનામ આપશે. તેમાંથી તું ઘડપણમાં ખાજે પીજે. ' નામદાર, હું ગરીબ છું, ભૂખે મરું છું. અમે ઘણી ઘણિયાણી બે જ છીએ. અમારે છોકરો નથી. તેથી ઘડપણમાં અમારું શું થશે તેની અમે ફિકર કરતાં હતાં. હાતિમતાઈ ઝાડીમાં પાસે જ હશે. તેમણે આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
સાંભળ્યું. એટલે તે પોતે જ અમારી પાસે આવીને આમ બોલ્યા.

બાદશાહ — તો પછી આ માણસના હાથમાં હાતિમતાઈ કેમ કરીને આવ્યો?

કઠિયારો — હુજૂર, અમારી વચ્ચે વાતચીત ચાલતી હતી, તે આ માણસે ઝાડીમાં રહીને સાંભળી હશે. તેણે આવીને તરત તેમને પકડ્યા. અહીં આવતી વખતે હાતિમતાઈએ મને પણ સાથે આવવા કહ્યું, એટલે જ હું તો આવ્યો છું. મારે ઇનામ નથી જોઈતું.

બાદશાહ — [નવાઈ પામીને] હાતિમતાઈ જાતે જ તારા હાથમાં પકડાવા આવ્યો હતો?

કઠિયારો — હા જી. અમારી ગરીબાઈની તેમને દયા આવી; તેથી મને ઇનામ મળે તે માટે તે પોતે જ મારી પાસે આવીને ઊભા રહ્યા.

[બાદશાહ એકદમ ઊભો થઈને હાતિમતાઈને ભેટી પડે છે.]

બાદશાહ — શાબાશ, શાબાશ! સાચા માણસ તો આવા જ હોય. પોતાની જિંદગીને ભોગે પણ બીજાનું ભલું કરવા ઇચ્છનાર કોઈક જ હોય. એવા ભલા માણસને હરાવીને મારે તેનું રાજ્ય ન જોઈએ. [હાતિમતાઈને] લો તમારું રાજ્ય પાછું. તમે તમારા દયાભાવથી તમારું રાજ્ય મારી પાસેથી પાછું જીતી લીધું છે. તમે તમારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
રાજ્યમાં સુખથી રહો અને રાજ્ય કરો. આ કઠિયારાને તો હું ઇનામ આપીશ જ. ખજાનચી, એ મહોરો કઠિયારાને ગણી આપો; અને સેનાપતિ, પેલા હરામખોર માણસને સજા કરો.

[પડદો પડે છે.]

૬

બહાદુર છોકરો

યુરોપ ખંડમાં આવેલો હૉલેંડ દેશ સમુદ્રની સપાટીથી નીચો છે. તેના નામનો અર્થ પણ 'પોલાણવાળો દેશ' એવો થાય છે.

એ દેશના કિનારા પાસેના ઘણા ભાગ ઉપર સમુદ્રનું પાણી વારંવાર ફરી વળતું. તેથી ઘણાં ગામડાં તારાજ થઈ જતાં, અને ખેતીની જમીન પણ ખારવાળી થઈ નકામી બની જતી. એ કારણે ત્યાંના લોકોએ ભારે ખર્ચ કરીને ઠેર ઠેર ઊંચા બંધ બાંધ્યા છે, અને સમુદ્રના પાણીને ધસી આવતું અટકાવવા પ્રયત્ન કર્યો છે. આથી એ બંધો એ દેશની જીવાદોરી જેવા ગણાય છે.

કોઈ વખત અમુક કારણે બંધમાં ફાટ પડી જવાથી અથવા સમુદ્રના ભારે તોફાનને લીધે કોઈ બંધ તૂટી જતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેવી પાયમાલી થતી, તેની જૂની વાતો લોકો યાદ કરે છે; અને પોતાનાં છોકરાંને પણ સંભળાવે છે.

ઘણાં વરસો પહેલાંની વાત છે. શિયાળાની ઋતુ હતી. દરિયાકિનારા પાસેના એક ગામનો છોકરો એક દિવસ આવા બંધ પાસે થઈ ને ઘેર જતો હતો. સાંજ પડવા આવી હતી. ઝાંખા પ્રકાશમાં તેણે જોયું કે, બંધના કાણામાંથી પાણીની ધધૂડી જોરથી નીકળતી હતી. થોડી વારમાં તે કાણું વધી જાય અને ફાટ પડી જાય. પરિણામે શું થાય, તેનું ચિત્ર તેની આંખ સામે ખડું થઈ ગયું.

તેણે વિચાર્યું, "લાવ, દોડતો જઈ ને મારા બાપાને ખબર આપું, જેથી અમે બધાં નાસીને કોઈ ઊંચી જગાએ પહોંચી જઈએ."

તેટલામાં તેને બીજો વિચાર આવ્યો: "અરે, અમે તો બચી જઈશું, પણ આખા ગામનું શું થશે? ઢોરઢાંખરનું શું થશે? જમીનનું શું થશે?"

પણ આખા ગામને ખબર આપવા જાય, તેટલામાં બાકું મોટું થઈ ને બંધ તૂટી જાય અને આખું ગામ ધસડાઈ જાય તો?

હવે શું કરવું? કોઈ પણ ઉપાયે જો બંધમાંનું પાણી આવતું રોકવામાં આવે તો જ બાકું મોટું થતું અટકે અને આખું ગામ બચી જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંધારું થયું હોવાથી આસપાસ કોઈ માણસ પણ દેખાતું ન હતું, કે તેને ધૂમ પાડીને બોલાવે. ગામ પણ ઘણું દૂર હતું, એટલે દોડતા જઈને મદદ લઈ અવાય તેટલો વખત પણ હવે ન હતો. આમ વિચારીને છોકરાએ છેવટે નક્કી કર્યું કે, ગમે તે થાય, મારે પોતે જ એ કાણા ઉપર હાથ મૂકીને પાણી નીકળતું બંધ કરવું જોઈએ.



તેણે એ પ્રમાણે કર્યું, એટલે બંધમાંથી પાણી આવતું અટકી ગયું. શિયાળાની કડકડતી ઠંડી હતી. રાત પડી ગઈ હતી. આજુબાજુ બધું ભીનું ભીનું થઈ ગયું હતું. સવાર પડે ને કોઈ આવી ચડે ત્યાં સુધી આખી રાત એ રીતે કાણા ઉપર હાથ મૂકીને ઊભા રહેવું પડે તો ઊભા રહેવું જોઈએ; જે થાય તે ખરું. છોકરો એમ બંધ પાસે અડગ બનીને ઊભો રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘેર તેનાં માબાપ તેની વાટ જોતાં હતાં. હમણાં આવશે, કરતાં મોડી રાત થતાં સુધીયે છોકરો ન આવ્યો. હવે શોધવા નીકળવું પણ અઘરું હતું. ઘરનાં સૌ આખી રાત ચિંતા કરતાં બેસી રહ્યાં.

સવાર થવા આવી. નસીબજોગે એક માણસ તે બંધ પાસે થઈને જતો હતો. તેણે પેલા છોકરાને હાલ્યા ચાલ્યા વિના બંધ પાસે ઊભેલો જોઈ ઊંચે સાદે કહ્યું : "એ છોકરા, ત્યાં ઊભો ઊભો શું કરે છે?"

છોકરો ઠરીને લાકડા જેવો થઈ ગયો હતો. તેણે ધીમે અવાજે કહ્યું : "બંધમાંથી પાણી નીકળે છે. જલદી અહીં આવો."

આ સાંભળી પેલો માણસ તરત ત્યાં દોડી ગયો. તેણે જોયું કે, છોકરો ઠરીને બેભાન જેવો બની ગયો છે. તેનો હાથ પણ ઠરી ગયો છે. તેણે સાવચેતીથી તેનો હાથ ખસેડી લીધો અને પોતાનો હાથ બાકા ઉપર દબાવી દીધો. પછી તેણે મદદ માટે જોરથી બૂમો પાડવા માંડી.

તેની બૂમો સાંભળીને આસપાસ જનારા લોકો દોડી આવ્યા. થોડી વારમાં તેઓએ બંધનું બાકું બરોબર પૂરી દીધું. પછી તેઓ પેલા બેભાન થઈ ને પડેલા છોકરાને ઊંચકીને ગામમાં લઈ આવ્યા. પેલા માણસે પોતે જોયેલી બધી વાત ગામલોકોને કહી સંભળાવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના જીવની પરવા કર્યા વિના આખા ગામને તારાજ થતું બચાવનાર પેલા છોકરાને ગામલોકોએ ઘણું માન આપ્યું.

૭

બે ભાઈઓ

ફ્રાન્સ દેશની આ એક સાચી વાત છે.

બે ભાઈઓ હતા. તેઓ સાથે ખેતી કરતા હતા. તેમાં જે પાકે તે બંને સરખે ભાગે વહેંચી લેતા હતા. નાનો ભાઈ કુંવારો હતો; મોટો ભાઈ કુટુંબકબીલાવાળો હતો.

એક સાલ પાક તૈયાર થયો. બંને ભાઈ પૂળા બાંધી ખળામાં લાવ્યા. રાત પડતાં પહેલાં તેના બે સરખા ભાગ પાડીને તેઓ ઘેર ગયા.

બંને સાચા ભાઈ હતા. તેઓ એકબીજાનાં સુખ-દુઃખનો વિચાર કરતા હતા. હવે બન્યું એવું કે, તે દિવસે રાતે બંનેને પથારીમાં સૂતાં સૂતાં એકસરખો વિચાર આવ્યો : "હું મારા ભાઈને શી રીતે મદદ કરી શકું?"

નાના ભાઈને મનમાં થયું : "મોટો ભાઈ બચરવાળ છે. એને કુટુંબનો મોટો બોજો છે. મને એવો બોજો નથી. મારે પંડે કેટલું જોઈએ? થોડાથી પણ ચાલે. પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારે મારો બધો ભાગ શું કરવો છે?" આમ વિચાર કરીને તે રાત્રે ઊઠ્યો; અને ખળામાં જઈ પોતાના ભાગમાંથી સો પૂળા ભાઈના ભાગમાં મૂકી આવ્યો. પછી તે નિરાંતે ઘેર આવીને ઊંઘી ગયો.

બીજી તરફ મોટાભાઈને વિચાર આવ્યો: "મારો ભાઈ કુંવારો છે. એણે દુનિયાનાં દુઃખ જોયાં નથી. તેને જેટલું મળે છે તેટલું વાપરે છે. એકલો છે એટલે કાલની એ ફિકર કરતો નથી અને કશું બચાવતો નથી. હું તો કરકસર કરી જાણું છું. તેથી મારા ભાગમાંથી થોડુંક બચાવું છું. ભાઈને થોડુંક વધારે આપું તો કેવું સારું! શા સારુ મારે મારો પૂરો ભાગ લેવો?" આમ વિચાર કરીને તે ઊઠ્યો, અને ખળામાં જઈ પોતાના ભાગમાંથી સો પૂળા લઈને નાના ભાઈના ભાગમાં મૂકી આવ્યો.

સવારે તે બે જણ ખળામાં જઈને જુએ છે તો બંનેના હિસ્સા સરખા! આથી તેઓ બહુ અચંબો પામ્યા: "મેં સો પૂળા રાતે ભાઈના ભાગમાં વધારે મૂકેલા હતા ને!" પણ કોઈ કંઈ બોલ્યો નહિ.

બીજી રાતે પણ બેઉ ભાઈને એ જ વિચારો આવ્યા. અને બંનેએ આગલી રાતની જેમ કર્યું. સવારે ઊઠીને જુએ છે તો બેઉ ભાગ પાછા સરખા ને સરખા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ દશ પંદર રાત ચાલ્યું. દરેક ભાઈ રાતે ઊઠે અને બીજા ભાઈના ભાગમાં પૂળા મૂકી આવે.

એક રાત્રે એવું બન્યું કે, બે ભાઈઓ ખળામાં ભેગા થઈ ગયા! ત્યારે તેમને સમજણ પડી કે, શાથી બંનેના પૂળા સરખા જ રહેતા હતા.

લોકોને જ્યારે આ વાતની ખબર પડી, ત્યારે તેમણે વિચાર કર્યો: "જે જગાએ પંદર દિવસ અને રાત સુધી બેઉ ભાઈઓને એકનો એક સારો વિચાર આવ્યો, તે જગા પવિત્ર ગણાય. તેની યાદગીરી રાખવા માટે એ જગાએ આપણે મંદિર બાંધીએ." અને તે પ્રમાણે લોકોએ ત્યાં મંદિર બાંધ્યું.

ભાઈઓ તો આવા જ હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮

મિત્રતા

બંગાળામાં શ્રી કૃષ્ણદાસ પાલ નામે એક મોટા માણસ થઈ ગયા. તે જ્યારે લાંબા વખતથી રોગથી પીડાઈ ને મરણ પથારીએ પડચા હતા, ત્યારે તેમના એક સ્નેહીજને તેમને સલાહ આપતાં કહ્યું : "આપે ઘણા ડાક્તરોની દવા અજમાવી જોઈ હશે. પરંતુ આપે હજી હોમિયોપથીનો ઉપચાર કર્યો નથી. ડૉ. મહેન્દ્રલાલ સરકાર હોમિયોપથીના સારા જાણકાર છે. છેલ્લે છેલ્લે એમની દવા લઈ ને તકદીર અજમાવી જુઓ."

આ સાંભળી શ્રી કૃષ્ણદાસ પાલ બોલ્યા : "તમારી વાત સાચી છે. પરંતુ આ રોગ મને ઘણા લાંબા સમયથી લાગુ પડચો છે. અને હવે તે એટલો બધો વધી ગયો છે કે, મને પોતાને જ લાગે છે કે, આ રોગમાંથી હું મુક્ત કદી થઈ શકું એમ નથી. ડૉ. મહેન્દ્રબાબુ એ મારા જૂના મિત્ર છે. એટલે આવો ખરાબ કેસ તેમના હાથમાં સોંપીને મારા એક મિત્રને અપજશ આપવા હું નથી ઇચ્છતો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

ચંપલની જોડ*

[સ્થળ : નાનકડું ગામ. એમાં ખાસ કરીને ચમારોની વસ્તી છે.

સમય : દુકાળનો. દુકાળ પડેલો હોવાથી દુકાળ-રાહત સમિતિએ મફત અનાજ આપવાની વ્યવસ્થા કરી છે.

એ અનાજની દુકાનની બાજુમાં કાર્યાલય છે. એ કાર્યાલયમાં મુખ્ય વ્યવસ્થાપક મનુભાઈ અને તેમના મદદનીશ શાંતિભાઈ બેઠા છે.]

મનુભાઈ — આપણી દુકાળ-રાહત સમિતિએ આ ગામમાં સારામાં સારું કામ કર્યું હોય તો તે આ લોકોને દારૂની બદીમાંથી છોડાવવાનું. આ ચમાર લોકો ગરીબ અને અભણ છે. તેથી ખૂબ મહેનતે કમાયેલા થોડાઘણા પૈસાને દારૂ પીવામાં વાપરી નાખે છે અને પાયમાલ થાય છે.

શાંતિભાઈ — આપની વાત સાચી છે. તે દિવસે બધાની પાસે પ્રતિજ્ઞા લેવડાવીને આપણે એક સારું સેવાકાર્ય કર્યું. જો આપણે આમ ને આમ મફત અનાજ આપ્યા કરત, તો એ લોકો અહીંથી મફત અનાજ લઈ જાત અને પોતાના બચેલા પૈસામાંથી દારૂ પીત.

---

* શ્રી રાજગોપાલાચાર્યની એક વાર્તા પરથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[એવામાં છગન પાંચ છ ચમારોને લઈને આવે છે.]

મનુભાઈ — [બધાને ભેગા આવેલા જોઈને] કેમ, આ શી ધમાલ છે? હજી અનાજ આપવાની તો વાર છે. પણ અત્યારે બધા ટોળે મળીને કેમ આવ્યા છો?

છગન — મનુભાઈ, વાત એમ છે કે, આ લોકોએ પ્રતિજ્ઞા તોડીને દારૂ પીધો છે. તેમને હું અહીં તેડી લાવ્યો છું. જેથી તમે જરા તપાસ કરી કંઈક તેમને સમજાવો.

મનુભાઈ — [જરા કચવાઈને] અલ્યાઓ, તમે દારૂ પાછળ પૈસા ખરચી શકો છો, તો પછી તમારી પોતાની પાસે અનાજ ખરીદવાના પૈસા પણ હોવા જોઈએ; અને અમારે મફત અનાજ આપવાનું હવે બંધ કરવું જોઈએ. તમે જો અમને અંધારામાં જ રાખવા માગતા હો, તો પછી અમારે હવે તમારે માટે કશું કરવું બરોબર નથી. [થોડી વાર થોભીને] ઠીક, તો હવે કોણ કોણ ગુનેગાર છે, એ કહો જોઉં?

છગન — બે જણ.

મનુભાઈ — તે અહીંયાં છે?

છગન — તેમાંથી એક માધુ અહીં છે. ધનિયો આવવાની ના પાડે છે.

મનુભાઈ — માધુ પોતાનો ગુનો કબૂલ કરે છે કે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છગન — ગઈ રાતે એ દારૂ પીને ચકચૂર થઈ ઘેર આવ્યો હતો. અને તેની સ્ત્રી સાથે લડાલડ કરતો હતો. ગામ આખું આ જાણે છે, તો કબૂલ કર્યે જ છૂટકો.

મનુભાઈ — [માધુને] બોલો, આ બાબતમાં તમે શું કહો છો ?

માધુ — સાહેબ, ખરું છે કે ગઈ કાલે રાતે મારી સ્ત્રી સાથે મારે લડાલડી થઈ હતી. પણ તેથી શું ? ધણીધણિયાણીમાં આવા પ્રસંગો તો બને જ. પોતાની સ્ત્રીને કોઈ ધમકાવી પણ ન શકે ?

મનુભાઈ — તમે મને સીધો જવાબ આપો. તમારા ઉપર દારૂ પીવાનો આરોપ આવે છે એ સાચો છે ? તમારામાંથી એક પણ માણસ દારૂવાળાને એક ઠોઠિયું સરખું પણ આપે, તો અમારે આખા ગામને મદદ આપવી બંધ કરવી પડશે, એ શું તમારા ધ્યાનમાં નથી આવતું ?

માધુ — સાહેબ, આ હડહડતું જૂઠાણું છે. મારા પર ખોટું આળ મુકાય છે.

મનુભાઈ — [બીજા ગામલોકોને] બોલો, તમે બધા શું કહો છો ?

ગામલોકો — સાહેબ, અમે એટલું જાણીએ છીએ કે રાતે એ બે વચ્ચે લડાલડી થતી હતી; એટલી વાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
સાચી છે. પણ દારૂ પીવાની બાબતમાં અમે કશું ન કહી શકીએ.

મનુભાઈ — [માધુને] ત્યારે તમારી બાબત છગનને ફરિયાદ કરવાનું શું કારણ? તમારા તરફ એમને કંઈ વેર છે?

માધુ — જી હા, સાહેબ. તમે એમાં નહીં સમજો. મેં ઉધારું પાદરનું હતું કે, એ માણસ ગામમાંથી જતા રહેલા માણસોની ટિકિટ પર અનાજ લઈ જઈ વેચી મારે છે!

મનુભાઈ — [છગનને] માધુ કહે છે એ વાત સાચી છે કે?

છગન — આ બાબતમાં તમે પછી તપાસ કરી જોજો. પરંતુ હું સાચો છું કે ખોટો એની ખાતરી કરવા તમે આ ધનાકાકાને પૂછો કે તેમના દીકરાએ દારૂ પીધો હતો કે નહીં. ધનાકાકા માધુના બાપા થાય છે અને મારા કાકા છે. એટલે એ અમારા બન્નેને વડીલ સમાન જ છે. તેઓ જે ચુકાદો આપે તે અમને બન્નેને કબૂલ છે.

મનુભાઈ — [ધનાકાકાને] કાકા, તમે સાચેસાચું કહો કે તમારા દીકરાએ દારૂ પીધો હતો?

ધનાકાકા — કાલે રાતે એ ધમાલ કરતો હતો એટલું તો કહી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુભાઈ — પણ એણે દારૂ પીધો હતો ?

ધનાકાકા — ના જી; માત્ર લડાલડી જ હતી. જરા ધૂમાધૂમ ચાલતી હતી; બીજું કંઈ નહીં.

છગન — કાકા, સોગન ખાઈને એ કહો તો જરા.

મનુભાઈ — [ગામલોકોને] બોલો, સોગન ખાઈને આ માણસ જે કહે તે તમે કબૂલ રાખશો ?

ગામલોકો — અમને કબૂલ છે.

[મનુભાઈ જરા વિચારમાં પડી જાય છે. પછી થોડી વારમાં સ્વસ્થ થઈને.]

મનુભાઈ — કાકા, તમે ચામડાનો ધંધો કરો છો, ખરું ને ?

ધનાકાકા — હા જી.

મનુભાઈ — [પોતાની જૂની ચંપલ બારણા પાસે પડેલી હતી તે બતાવીને] ત્યારે આ ચામડું તમારી રોજીનું સાધન છે એ તમે જાણો છો ? હવે આ ચંપલ હાથમાં લો.

[ધનાકાકા ચંપલની જોડ હાથમાં લે છે.]

મનુભાઈ — હવે હું કહું તેમ તમે કહો : ઈશ્વરને સાક્ષી રાખીને ....

ધનાકાકા — ઈશ્વરને સાક્ષી રાખીને ....

મનુભાઈ — આ જોડા જ મારી રોજીનું સાધન છે ....

ધનાકાકા — આ જોડા જ મારી રોજીનું સાધન છે .... ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુભાઈ — તેના સોગન ખાઈને હું સાચેસાચી વાત કહીશ.

ધનાકાકા — તેના સોગન ખાઈને હું સાચેસાચી વાત કહીશ.

મનુભાઈ — ત્યારે હવે કાકા, કહો જોઉં, તમારા દીકરાએ દારૂ પીધો હતો?

ધનાકાકા — જી હા; પીધો હતો!

[મનુભાઈ આ સાંભળીને નવાઈ પામે છે.]

મનુભાઈ — [માધુને] હવે તમે ચંપલની જોડને હાથ અડાડીને કહો કે, ધનાકાકાની વાત સાચી છે કે ખોટી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માધુ — [ચંપલની જોડ હાથમાં લઈને] સાહેબ, એમની વાત સાચી છે. મેં દારૂ પીધો હતો!

મનુભાઈ — [ઊંડા વિચારમાં પડી જઈને] ઠીક, હવે તમને આ એક ગુના માટે જવા દઉં છું. [ગામલોકોને] પણ તમે બધા આ ચંપલની જોડને હાથ અડાડીને સોગન લો કે હવે પછી દારૂને કદી ન અડીએ.

ગામલોકો — ચંપલની જોડને અડીને] અમે સોગન ખાઈને કહીએ છીએ કે, હવે પછી કદી પણ દારૂને અડીશું નહીં.

મનુભાઈ — ઠીક, હવે તમે ઘેર જાઓ અને સોગન પ્રમાણે વર્તજો.

[ગામલોકો ધીમે ધીમે જાય છે.]

મનુભાઈ — [વિચારમાં ડૂબી જાય છે. પછી શાંતિભાઈ તરફ વળીને ધીમે અવાજે] આ ચંપલની જોડ જીર્ણ અને તૂટેલી છે. એ લોકો એને જ્યાં હતી ત્યાં મૂકીને ચાલ્યા ગયા. પણ હવે મને તેની કિંમત જુદી જ લાગે છે. એ માત્ર પગના રક્ષણને સારુ જ એક ઉપયોગી સાધન માત્ર નથી, પણ આ ગરીબ લોકોની શ્રદ્ધા અને આજીવિકાનું મૂર્તિમંત સ્વરૂપ છે. આવી વસ્તુને ઠેસવે નહીં ચડાવી શકાય. એમાં રહેલી ભાવનાની કિંમતને આપણે આંકતાં શીખવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાંતિભાઈ — સાચી વાત, મનુભાઈ. આજના બનાવે આપણને નવી દૃષ્ટિ આપી. ગરીબ, અભણ લોકોમાં પણ પોતાના ધંધા માટે કેટલી ભારે નિષ્ઠા હોય છે!

[પડદો પડે છે.]

૧૦

સાચી પરોપકારવૃત્તિ

એક વાર એક વિધવા બાઈના એકના એક પુત્રની બુદ્ધિની તેજસ્વિતા જોઈને એક પૈસાદાર માણસે તેને પોતાને ત્યાં રાખીને ખૂબ ભણાવ્યો ગણાવ્યો.

એ મોટો થયો, એટલે પેલી વિધવા બાઈને બોલાવીને પેલા શ્રીમંતે કહ્યું : "બહેન, તમે તમારા છોકરાને લઈ જાઓ. હવે તમે સુખેથી રહી શકશો. કશી જરૂર પડે તો સંકોચ વિના આવજો."

પેલી વિધવા બાઈની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. તે સાચા દિલથી શ્રીમંતનો આભાર માનવા લાગી.

એ જોઈને શ્રીમંતે કહ્યું : "બહેન, જ્યારે વરસાદ પડે છે, ત્યારે આપણે કોનો આભાર માનીએ છીએ, વાદળાંનો કે વરસાદ વરસાવનાર પ્રભુનો? પ્રભુએ પણ મને નિમિત્ત બનાવી મારી પાસે આ કામ કરાવ્યું છે, માટે આપણે પ્રભુનો જ આભાર માનવો જોઈએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

સત્યવાદી ખૂની

પ્રવેશ પહેલો

[મુસલમાનોના સરદાર હજરત ઉમર સાહેબ મસ્જિદમાં બેસી લોકોના ઝઘડાઓનો નિકાલ કરી રહ્યા છે. હજરત ઉમર સાહેબની પાસે મોટા મોટા માણસો બેઠા છે. એવામાં બે માણસો એક જુવાનને પકડીને હાજર થાય છે.]

બે માણસો — (ઉમર સાહેબને સલામ કરીને) હજરત સાહેબ, આ જુલમી માણસે અમારા બાપ ઉપર હુમલો કરીને તેમને મારી નાખ્યા છે! આપ અમારો ઇન્સાફ કરો.

ઉમર સાહેબ — (જુવાન તરફ જોઈને) આ બે માણસોની ફરિયાદ મેં સાંભળી. હવે તારે આ સંબંધમાં કશું કહેવું હોય તો કહે.

જુવાન — (લજ્જાથી માથું નીચું ઢાળી, ગદ્‌ગદ અવાજે) હજરત સાહેબ, મેં ખૂન કર્યું છે એ વાત તદ્દન સાચી છે. ગુસ્સામાં માણસ ભાન ભૂલી જઈને ન કરવાનું કરી બેસે છે. મારા આવા કામનો મને ખૂબ જ પસ્તાવો થાય છે. બેલાશક હું ગુનેગાર છું અને સજાને લાયક છું. આપ જે સજા ફરમાવશો તે મારે કબૂલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉમર સાહેબ — જુવાન, તું તારી મેળે તારો ગુનો કબૂલ કરે છે, એટલે મારે કાયદા મુજબ સજા કરવી રહી. મારી ફરજ પ્રમાણે હું તને મોતની સજા ફરમાવું છું.

જુવાન — (ઘૂંટણિયે પડી અરજ કરતો) સાહેબ, મને આપનો હુકમ માનવામાં કશી હરકત નથી. પણ મારે આપની હજૂરમાં એક દરખાસ્ત પેશ કરવી છે. મારે એક નાનો ભાઈ છે. તે હજુ કાચી ઉંમરનો છે. મારા બાપે તેના વાસ્તે મરતી વખતે થોડું સોનું મને સુપરત કરેલું છે. તે સોનું મેં એક છાની જગ્યાએ દાટી દીધું છે. એટલા માટે કે, જ્યારે મારો ભાઈ મોટો થાય, ત્યારે તેને એ સોંપી દઉં. આ ભેદ મારા સિવાય બીજું કોઈ જાણતું નથી. માટે આપ મહેરબાની કરીને મને ત્રણ દિવસની મહેતલ આપો, તો હું એ અનામત મારા ભાઈને સોંપીને આપની પાસે પાછો હાજર થાઉં.

હજરત ઉમર — ઠીક, પણ એ માટે તારે કોઈને જમીન તરીકે આપવો પડશે. બોલ, છે કોઈ અહીં તારો જમીન?

[હજરત ઉમરની આસપાસ બેઠેલા મોટા મોટા માણસો તરફ જુવાન નજર કરે છે. એવામાં તેનું ધ્યાન અબુજર સાહેબ તરફ જાય છે.]

જુવાન — (અબુજર સાહેબ તરફ બતાવીને) હજરત ઉમર સાહેબ, પેલા ખાનદાન માણસ મારા જમીન થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉમર સાહેબ — (અબુજર સાહેબ તરફ ફરીને) કેમ અબુજર, તમે આ ખૂની જુવાનના જમીન થવા તૈયાર છો?

અબુજર સાહેબ — (ઊભા થઈને સ્વસ્થ અવાજે) હું એ જુવાનનો જમીન થાઉં છું. ત્રીજે દિવસે એ જરૂર આપની પાસે હાજર થશે.

ઉમર સાહેબ — (જુવાનને) ઠીક ત્યારે, તું છૂટો છે. ત્રીજે દિવસે વખતસર હાજર થઈ જજે.

[જુવાન સલામ કરીને જાય છે.]

પ્રવેશ બીજો

[ત્રણ દિવસ પછી. મસ્જિદમાં ઉમર સાહેબ વગેરે જુવાનની રાહ જોતા બેઠા છે. અબુજર સાહેબ ખૂબ જ શાંત દેખાય છે. જેમ જેમ વખત પસાર થતો જાય છે, તેમ તેમ માણસો વધારે ચિંતાતુર બનતા જાય છે.]

બે ફરિયાદીઓ — (આગળ આવીને; અબુજર સાહેબને સલામ કરીને) સાહેબ, હજી પેલો ખૂની આવ્યો નહીં! અમારો ગુનેગાર ક્યાં છે? તેને અહીં હાજર કરો.

અબુજર સાહેબ — (શાંત અવાજે) ભાઈઓ, તમે અકળાશો નહીં. તે આવી જશે. અને ધારો કે તે ન આવે તો તેને બદલે હું મોતની સજા ભોગવવા તૈયાર જ છું. તમારે તો બદલો જ જોઈએ છે ને?

ઉમર સાહેબ — (આ સાંભળીને અકળાઈને) અરે અબુજર, પેલો ગુનેગાર જુવાન જો નહીં આવે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારે કાયદા પ્રમાણે તમને મોતની સજા ફરમાવવી પડશે! મારે કપરો ઇન્સાફ આપવો પડશે.

અબુજર સાહેબ — સાહેબ, એમાં તમને કોઈ દોષ નહીં દે. તમે તો ઇન્સાફ કરવા બેઠા છો, એટલે જે વાજબી હોય એ જ તમારે કરવું રહ્યું.

[કેટલાક માણસો અબુજર સાહેબનો જાન જોખમમાં આવેલો જોઈને ડરી જાય છે. કેટલાક જણની આંખોમાંથી આંસુ સરી પડે છે.]

એક માણસ — (બે ફરિયાદી ભાઈ ઓને) ભાઈ ઓ, અબુજર સાહેબ પવિત્ર અને ખાનદાન માણસ છે તથા હજરત મહંમદ પેગંબર સાહેબના એક સોબતી છે. તેમનો જાન લઈને તમે શું મેળવશો? ખૂનનો બદલો ખૂનથી ન લેતાં તેને બદલે તમે પૈસા લઈ સંતોષ માનો.

બે ફરિયાદીઓ — ના, ના. એવું કદી ન બને! અમે તો ખૂનનો બદલો ખૂન જ ચાહીએ છીએ. (મોટે અવાજે) હાજર કરો અમારા બાપના ખૂનીને અથવા અબુજર સાહેબ એ માટે તૈયાર થાય.

[બધા માણસો ચિંતામાં પડી જાય છે. એવામાં પેલો ગુનેગાર જુવાન પરસેવાથી નાહી ગયેલો અને શ્વાસ ચડેલો પ્રવેશે છે.]

જુવાન — (ઉમર સાહેબને સલામ કરીને, હાંફતો) હું ખુદાનો અહેસાન માનું છું કે, હું બરોબર વખતસર આવી પહોંચ્યો. મેં મારા ભાઈને સોનું આપી દીધું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેને ભણાવવા તથા કેળવણી આપવા માટે મારા મામાને મુકરર કરી આવ્યો છું. હું આખે રસ્તે દોડતો આવ્યો છું, તે એટલા માટે કે, મને વાર ન લાગે અને મારા જમીનને કશી ઈજા ન થાય. ખુદાએ મારી લાજ રાખી. (આમ કહીને જુવાન આગળ વધે છે અને અબુજર સાહેબનો હાથ ચૂમે છે. પછી લોકોને સંબોધીને) સાહેબો, મારે અને એમને પહેલાંની કાંઈ ઓળખાણ નથી. પણ એમણે મારા ઉપર રહેમ કરી અને તેઓ મારા જમીન થયા.

અબુજર સાહેબ — અલબત્ત, હું આ જુવાનને પહેલાં બિલકુલ ઓળખતો નહોતો. પણ તેણે જ્યારે આ મિજલસમાં મારી ઉપર જ ભરોસો રાખ્યો, ત્યારે તેને નાખુશ કરવો એ મને બરોબર ન જણાયું. મને તેના ચહેરા પરથી લાગ્યું કે, તે પોતાનો વાયદો પૂરો કરશે; તેથી હું ખુશીથી એનો જમીન થયો.

[આ સાંભળીને બધા નવાઈ પામે છે. ફરિયાદીઓ પણ દયાથી પીગળે છે.]

ફરિયાદીઓ — ઉમર સાહેબ, અમે ખૂન માફ કરીએ છીએ. ખુદા જાણે કે, આવા સાચાબોલા માણસથી શી રીતે આવો ગુનો થઈ ગયો.

[આ સાંભળીને બધા ખુશ થાય છે અને પેલા જુવાનને તથા ફરિયાદીઓને વધાવવા તેમની આસપાસ વીંટળાઈ વળે છે.]

પડદો પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

કદરદાની

એક વાર એક ઉમરાવે રાતને વખતે મિજબાની ગોઠવી હતી. ઈરાનનો શાહ અબ્બાસ મુખ્ય મહેમાન હતો. મિજબાનીમાં શાહે દારૂ ખૂબ પીધો અને નશામાં ભાન ભૂલી તે ઉમરાવના જનાનખાનામાં દાખલ થવા ગયો.

જનાનખાનાની ઓરતો એ જોઈને ખૂબ ગભરાઈ ગઈ. પરંતુ જનાનખાનાના દરવાજે ઊભેલા દરવાને શાહને અંદર દાખલ થતાં હિંમતભેર અટકાવ્યો.

શાહની સામે આવી હિંમત વાપરેલી જોઈને ઉમરાવ ડરી ગયો. તેને થયું કે, શાહ પોતાના ઉપર જરૂર નાખુશ થશે. એટલે તેણે બીજે જ દિવસે પેલા દરવાનને નોકરી-માંથી રુખસદ આપી દીધી અને શાહ પાસે જઈને માફી માગતાં કહ્યું : "ખુદાવંદ, મારા દરવાને ગઈ રાતે આપની સામે જે બેઅદબી કરી હતી એ બદલ મેં એને નોકરીમાંથી ફારગ કર્યો છે. આપ એને આપની ખુશી મુજબ સજા કરી શકો છો."

શાહે એ દરવાનને પોતાની પાસે તરત જ હાજર કરવાનું ફરમાન આપ્યું.

બિચારો દરવાન ચિંતાતુર ચહેરે આવીને ઊભો રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાહ અબ્બાસે ગંભીર અવાજે ઉમરાવને કહ્યું : "તમે આને નોકરીમાંથી છૂટો કર્યો એ મને ખૂબ ગમ્યું. હું હવે એને મારા અંગરક્ષકોના સરદાર તરીકે નીમું છું. પોતાના જાનની પણ પરવા કર્યા વિના મારા જેવા શાહને પણ બેઅદબી કરતાં અટકાવનાર એ બહાદુર માણસની યોગ્ય કદર થવી જ જોઈએ."

૧૩

વડો સેનાપતિ

દોઢસોથી વધારે વરસ પહેલાંની વાત છે. તે વખતે અમેરિકા દેશ અને ઈંગ્લેંડ દેશ વચ્ચે લડાઈ ચાલતી હતી. અમેરિકા દેશ ઈંગ્લેંડનો તાબેદાર હતો. તે પોતાની આઝાદી માટે લડતો હતો.

અમેરિકાના લશ્કરનો વડો સેનાપતિ વૉશિંગ્ટન નામનો એક વીર પુરુષ હતો.

તેના લશ્કરે એક જગાએ પડાવ નાખ્યો હતો. લશ્કરની ટુકડીઓ પોતાનો મોરચો ગોઠવતી હતી.

એક જગાએ સિપાઈઓ એક ભારે લાકડું ઉઠાવવા મથતા હતા. તેમનો નાયક બાજુએ ઊભો હતો. ઊભો ઊભો તે એમને લાકડું ખસેડવા હુકમ કરતો હતો. લાકડું બહુ ભારે હતું. સિપાઈઓથી તે ઉપાડી શકાતું ન હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં એક માણસ ત્યાંથી જતો હતો. તે ઘોડા ઉપર બેઠેલો હતો. તેણે સારાં કપડાં પહેર્યાં હતાં. તેણે જોયું કે, લાકડું ઘણું ભારે છે; વધારે માણસની મદદની જરૂર છે.

તેણે નાયકને ધીમે રહીને કહ્યું: "ભાઈ, આ લાકડું બહુ ભારે છે! તમારા સિપાઈઓથી તે ઊપડી શકે તેમ લાગતું નથી. તમે પોતે હાથ દેવા લાગો તો કામ થાય."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાયકે તે માણસની સામું જોઈ રોફભેર કહ્યું : "હું નાયક છું. હું એવું કામ ન કરું. એ કામ સિપાઈઓનું છે."

પેલા માણસે તરત સલામ ભરીને કહ્યું : "માફ કરજો સાહેબ! મને એ ખબર ન હતી."

એમ કહી તે ઘોડા પરથી નીચે ઊતર્યો, અને બાંયો ચડાવી સિપાઈઓની મદદે લાગ્યો. મદદ મળી તેથી સિપાઈઓ પણ ઉમંગમાં આવી ગયા. થોડી વારમાં તેમણે લાકડું ઉપાડીને તેની જગાએ ગોઠવી દીધું.

પેલો માણસ પરસેવાથી રેબઝેબ થઈ ગયો હતો. ઘોડે ચડીને જવા લાગ્યો, ત્યારે નાયકે તેને કહ્યું : "શાબાશ, તમે ઠીક મદદ કરી."

પેલા માણસે કહ્યું : "એમાં શું? આપણા દેશ માટે લડાઈ ચાલે છે. તેમાં આપણા સિપાઈઓને મેં થોડી મદદ કરી, એમાં શું થઈ ગયું? જ્યારે ફરી આવું કોઈ કામ પડે, ત્યારે મને બોલાવજો. હું ખુશીથી આવીશ. હું તમારા વડા સેનાપતિના તંબૂમાં જ રહું છું." એમ કહી તેણે ઘોડો હંકારી મૂક્યો.

નાયકને હવે સમજાયું કે, એ માણસ તો વડા સેનાપતિ પોતે જ હતા! પછી તે ઘણું શરમાયો, અને પોતાની ભૂલ માટે પસ્તાવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજશિક્ષણને લગતાં અન્ય પુસ્તકો

સ્વરાજ એટલે શું ?	મગનભાઈ દેસાઈ	૦–૭–૦
આપણા દેશમાં આપણું રાજ્ય	,, ,,	૦–૭–૦
આપણું પરમ યંત્ર	,, ,,	૦–૬–૦
ઈસપ અને તેની વાતો ભાગ–૧	,, ,,	૦·૪૦ ન. પૈ.
,, ,, ,, ,, ભાગ–૨	,, ,,	૦·૪૦ ન. પૈ.
,, ,, ,, ,, ભાગ–૩	,, ,,	૦·૪૦ ન. પૈ.
પ્રાચીન શીલ કથાઓ	ગોપાળદાસ પટેલ	૦–૭–૦
વેર અને બદલો	,, ,,	૦–૭–૦
વેર અને અવિચાર	,, ,,	૦–૬–૦
નીતિ અને ધર્મ	,, ,,	૦–૬–૦
મલેરિયા	વિઠ્ઠલદાસ કોઠારી	૦–૭–૦
આહાર અને પોષણ ભા૦ ૧	ઝવેરભાઈ પટેલ	૦-૧૦-૦
,, ,, ,, ભા૦ ૨	,, ,,	૦-૧૨-૦
ઘરમાખી	બંસીધર ગાંધી	૦–૭–૦
ટાઇફૉઈડ	,, ,,	૦–૬–૦
પાણી	,, ,,	૦-૧૦-૦
મીઠું	,, ,,	૦-૧૨-૦
બોધક ટીકડીઓ	મુકુલભાઈ કલાર્થી	૦-૧૨-૦
શીલ અને સદાચાર	,, ,,	૦–૬–૦
જાણવા જેવી વાતો	,, ,,	૦·૩૫ ન. પૈ.
પચાસ પ્રેરક પ્રસંગો	,, ,,	૦-૧૦-૦
ચીન દેશનાં કથાનકો	,, ,,	૦-૧૦-૦
મોટાં માણસોનાં મન	,, ,,	૦–૬–૦
ભક્તરાજ	,, ,,	૧–૦–૦
પ્રતિભાનું પોત	,, ,,	૦–૬–૦
માનવજીવનનું ઝવેરાત	,, ,,	૦–૬–૦
જીવન અને મરણ	,, ,,	૦–૬–૦
ધર્મ-સંસ્થાપકો	,, ,,	૦–૬–૦
સંત-સમાગમ	,, ,,	૦–૬–૦
શેખ સાદીની બોધકથાઓ	,, ,,	૦–૮–૦
સંતોની જીવનપ્રસાદી	,, ,,	૦–૬–૦
ભગવાન ઈશુની બોધકથાઓ	,, ,,	૦·૪૦ ન. પૈ.

પ્રાપ્તિસ્થાન

નવજીવન કાર્યાલય

અમદાવાદ ૧૪ — મુંબઈ ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar